# શીર્ષાસન પ્રિય પ્રજા !

**હરેશ ધોળકિયા**

હાથ લંબાવી કેલેન્ડરનું તારિખીયું ફાડયું અને તેના પર અછડતી નજર કરી. ગુજરાતીમાં ' શ્રાવણ' અને ત્રીસનો આંકડો વંચાયો. ઓહો ! એનો અર્થ એ કે શ્રાવણ માસ પૂરો થયો. ખબરે ન પડી કે કયાં તેના ત્રીસ દિવસ નીકળી ગયા. શ્રાવણ જેવો મહત્વનો ભારતીય મહિનો અને તેનો સ્પર્શ થયા વિના જ તે પસાર થઈ જાય ! ત્યારે વિચાર આવ્યો કે હવે સાચો કળિયુગ આવી ગયો છે. અને તારક મહેતાના ભીડે જેમ " હમારે જમાને મેં...." ના વિચારે ચડી જવાયું.

એક સમય એવો હતો કે કોઈ પણ ઉત્સવ આવે કે તેના પગલાંના અણસાર આવવા લાગે, તો ખબર જ પડી જાય કે હવે શ્રાવણ નજીક છે. વાતાવરણમાં એક જાતની ઉત્સુકતા પથરાવી શરુ થવા લાગે.

અને જેવો તેનો પહેલો દિવસ આવે, અને ધીમે ધીમે દિવસો પસાર થતા જાય, તેમ તેમ તેનો પ્રભાવ ચારે તરફ પ્રસરવા લાગે. ખ્યાલ જ આવી જાય કે હા, શ્રાવણ માસ ચાલી રહ્યો છે.

શું ખ્યાલ આવે ?

અરે, પ્રભાત હજી શરુ થવાનું બાકી હોય અને અગાસી પર ઊભા હોઈએ ત્યાં જ રસ્તા પરથી વડીલો દેખાવા શરુ થઈ જાય. દરેક જણાએ સફેદ કે ભગવું ધોતીયું પહેર્યું હોય. ખુલ્લી છાતી આસપાસ કોઈ મંત્ર લખેલ વસ્ત્ર ઢાંકેલ હોય. પગમાં ચપલ કે ચાખડી પહેરી હોય અને તેનો વિશિષ્ટ ' ઠ...ક, ઠ...ક' અવાજ રસ્તા પર પડઘાતો હોય. હાથમાં કમંડળ પકડેલ હોય. ગળામાં રૂદ્રાક્ષના મોટા પારાની લાંબી માળા લટકતી હોય અને ઝડપથી ચાલતા હોય તો ઝુલતી પણ હોય. જાણે જૂના ઋષિ ચાલ્યા જતા હોય તેવો દેખાવ હોય. કેટલાકના મસ્તક પર તો ચોટલી પણ ફરફરતી હોય. જોઈ રહીએ એવું વ્યકિતત્વ પસાર થાય એટલે ખ્યાલ જ આવી જાય કે અહો ! શ્રાવણ મહિનો ચાલુ થઈ ગયો અથવા ચાલી રહ્યો છે. ચાલતે ચાલતે ધીમા અવાજમાં ( કયારેક બધાને ખબર પડે તેવા મોટા અવાજમાં પણ ) " હરિ ૐ" અથવા " ૐ નમો ભગવતે વાસુદેવાય" અથવા તો " ૐ નમઃ શિવાય"નો જાપ કરતા કરતા જતા હોય. ઝાંખા પ્રકાશમાં તેમનું વ્યકિતત્વ પ્રભાવશાળી લાગે. તેમને જોઈ મનમાં આદર ઉત્પન્ન થાય.

અને જો ગામમાં કે બહાર આવેલ કોઈ મંદિરમાં જઈએ તો પણ એ જ દશ્ય જોવા મળે. હાટકેશ્વર મંદિરમાં જાવ કે કલ્યાણેશ્વર મંદિરમાં જાવ કે દ્વિધામેશ્વર મંદિરમાં જાવ, બધે જ થોડા આવાં વ્યકિતત્વ ધરાવતા લોકો મંદિરમાં ગર્ભગૃહ સામે ટટ્ટાર બેસી શિવની પૂજા કરતા હોય. કોઈ વળી છેક ગર્ભગૃહમાં પ્રવેશ કરી, શિવલિંગ પાસે બેસી, પૂજા કરતા હોય. કોઈ મંદિરના એક ખૂણામાં બેસી માળા કરતા હોય. આંખો બંધ હોય અને હોઠ ફડફડતા હોય. કોઈ મંદિરમાં તો એકથી વધારે લોકો આ સ્થિતિમાં હોય. કયારેક કોઈ એકાદ વ્યકિત જ હોય તો તે મોટા અવાજે પણ મંત્રોચ્ચાર કરી માળા કરતા હોય અથવા કેવળ જપ કરતા હોય. આપણે જો મંદિરમાં દર્શન કરવા ગયા હોઈએ તો તેમનો અવાજ મંદિરના ગુંબજમાં ગુંજતો સાંભળવા મળે. આપણે પણ અભાનપણે તેમના સાથે આ જપ કરવામાં ભળી જઈએ. અથવા જો થોડી વાર બેસવાના હોઈએ તો બેસીને પણ તેમના સાથે મનમાં કે જોરથી જપ કરીએ. મંદિરમાં એક ભાવસભર પર્યાવરણ સર્જાઈ ગયું હોય. મંદિરમાં પ્રવેશ કરનાર તેમાં તલ્લીન થઈ જાય. અને ગામનાં અનેક મંદિરોમાં આમ ચાલતું હોય.

થોડી સવાર આગળ વધે કે પછી તો વધારે લોકો આવવાના શરુ થાય. હવે તો બહેનો પણ આવવાની શરુ થાય. તેઓ પણ મનમાં કે ગણગણાટ સ્વરુપે જપ કરતી હોય. મંદિરમાં દર્શન કરે, તેની પ્રદક્ષિણા ફરે, બહાર આવેલ તુલસીના છોડ પાસે ઊભી, ત્યાં દીવો કરી, તેની પણ પ્રદક્ષિણા કરે અને જપ ચાલુ રાખે.

અને જેવી સાંજ ઢળવા લાગે કે કોઈ–ખાસ કરીને બ્રાહ્મણોનાં – મંદિરોમાં જ્ઞાતિજનો એકઠા થાય અને મહિમ્ન શરુ કરે. મોટા ઘેરા અવાજમાં બધા ગાવા લાગે. મંદિરનો ગુંબજ આ અવાજથી ગાજી ઉઠે. એવો તો ગુંજારવ થાય કે શિવ પણ નૃત્ય કરી ઉઠે. અર્ધો પોણો કલાક બધા તેના મય થઈ જાય. માની લો કે કોઈ ત્યાં ન આવે, તો પોતાના ઘરમાં કુટુંબ સાથે બેસી આ મહિમ્ન પાઠ કરે. પણ કરે તો ખરા જ. આ સિવાયના સમયમાં પણ નિવૃત વડીલો તો દિવસનો મોટો ભાગ શિવની માળા કર્યા કરતા દેખાય. અથવા શિવ પુરાણ વાંચતા દેખાય. તેમાં બાળકો પણ સાથ પૂરાવતાં હોય. દાદા–પૌત્રો–પૌત્રીઓ સાથે મળીને ઘરનાં વાતાવરણને આ ભકિતગાનથી ગુંજતું રાખે. યુવાન માતા પિતા પણ તેનાથી પ્રભાવિત થઈ મનમાં તેનું રટણ કર્યા કરતાં હોય. સમગ્ર શ્રાવણ માસ ચારે બાજુ, ચૂપચાપ, આ વાતાવરણનો પ્રભાવ ચાલુ રહે. બધાને સતત ભાન રહે કે શ્રાવણ માસ ચાલુ છે.

આજે આ પરિસ્થિતિ તદન અદશ્ય થઈ ગઈ દેખાય છે. સવારે આજે પણ અગાસીમાં ઊભા રહેવાનું થાય છે. વડીલો તો આજે પણ બહાર નીકળતા દેખાય છે, પણ શિવની પૂજા કરવા જવા નહીં, પૌત્રી–પૌત્રીઓને શાળા–રિક્ષામાં બેસાડવા બહાર ઊભા હોય છે. કદાચે ફરવા નીકળતા હોય તો પણ ફોર્મલ ફરવાના જ ડ્રેસમાં નીકળે છે. શ્રાવણનો, મંદિરમાં જવાનો, પોષાક તો અદશ્ય જ થઈ ગયો છે. મંદિરોમાં તો કદાચ ભીડ વધી છે, પણ જપ કે માળા કે પાઠ–કશું જ નથી દેખાતું. ઝડપથી દર્શન કરી નખાય, પછી તરત મોબાઈલ હાથમાં આવી જાય અને જોયા કરાય. શિવ કરતાં મોબાઈલ વધારે મહત્વનો છે.

અને ઘરોમાં ? હરિ ૐ ! ! ભાગ્યે જ કોઈ ઘરોમાં રાત્રે બધા સાથે બેસી મહિમ્ન કરતા દેખાય છે. કયાંક કદાચે પરંપરા

ખાતર કરે છે, તો મોટા ભાગના યુવાનો– ફરજિયાત બેઠા હોય તો– મોબાઈલમાં જ જોયા કરતા હોય છે. મોટા ભાગનાને મહિમ્ન મોઢે પણ નથી હોતું. હવે તો એમ પણ કહી શકાય કે આવડતું જ નથી હોતું. તે હોવાની પણ ખબર નથી ! નાનાં, ટચુકડાં ઘરોમાં હવે ખૂણામાં પણ મંદિરો જોવા નથી મળતાં. હા, ભીંત પર એકાદ ભગવાનનો ફોટો હોય, બાકી ભીંત કોરી ! શ્રાવણ આવે કે નવરાત્રિ આવે, બધું સરખું. હા, નવરાત્રિમાં વળી નાચવાનું હોય એટલા પૂરતો રસ લેવાય. પણ તે યુવાનો જ. બાકી બધા દિવસો એક સમાન !

કરુણતા એ છે કે દિવસે દિવસે સંસ્કૃતિના નામે ઝનૂન વધતું જાય છે. વધારેને વધારે ઉત્સવો ઉજવાય છે. તેના નામે તળાવો કે સરોવરોમાં મૂર્તિઓ વગેરે નાખી પ્રદૂષણ વધારાય છે. જાહેર આરતીઓ કરી અવાજનું પ્રદૂષણ કરાય છે. કોઈ આ બાબતે જરા પણ ટીકા કરે તો તેને સંસ્કૃતિ–વિરોધી કહી હેરાન કરાય છે. હવે તો કયારેક મારે પણ છે. સમગ્ર દેશમાં આ સંસ્કૃતિ–ઝનૂન વધતુ જ જાય છે. નવા નવા ભગવાનો શોધાય છે. દેવી દેવતાઓ શોધાય છે. તેના નામે ઉત્સવો ઉજવાય છે. કથાઓ થાય છે. યાત્રાઓ કરાય છે.

પણ તેમાં ઝનૂન વધારે જોવા મળે છે, ભકિત ભાગ્યે જ જોવા મળે છે. કોઈ ઉત્સવના વહેલી સવારે ભાગ્યે જ કોઈ ઘરોમાં કે મંદિરોમાં માળા–જપ કે પૂજા નીરાંતે થતી જોવા મળે છે ? મંદિરના વિવિધ ખૂણાઓમાં શાંતિથી, આંખો બંધ કરી, ભકિતપૂર્વક બેઠેલા લોકો દેખાય છે ? ઘરોમાં કોઈ વડીલ આસપાસ નાનાં બાળકો બેસી આ બધું કરતા દેખાય છે ? થોડો પણ સમય મળે તો હાથમાં શિવ પુરાણ કે રામાયણ કે ભાગવત લઈ તેનું અધ્યયન થતું દેખાય છે ?

એક જ દશ્ય જોવા મળે છે. થોડો પણ સમય મળ્યો નથી કે ટી.વી. ચાલુ થઈ જાય છે અથવા તો મોબાઈલ દર્શન શરુ થઈ જાય છે. હવે તો એક જ દેવતાની ભકિત થાય છે–ચોવીસે કલાક– ઊંઘમાં પણ, નહાતી વખતે પણ, જમતી વેળા પણ, અને તે " મોબાઈલ" ની. કદાચે મંદિર કે ધર્મસ્થાનમાં બેઠા હોય તો પણ ત્યાં પણ આ દેવતા તો હાજર જ હોય છે. હાથમાં માળા બદલે મોબાઈલ જ જોવા મળે છે. કદાચે કોઈ માળા કરતા હશે તો પણ વચમાં વચમાં વોટસ એપ તો જોવો જ પડે. કબીરની ભાષામાં આ બધા " ખોજી" તો છે, પણ વોટસ એપના !

અને, મજાની વાત એ છે કે, આ બધા સંસ્કૃતિના પ્રેમીઓ મનાય છે. નથી ભકિત, નથી શાસ્ત્રોનું અધ્યયન, નથી જપ કે માળા, નથી ઘરોમાં પવિત્ર વાતાવરણ–અને છતાં કહેવાય સંસ્કૃતિ ભકિત. ભયંકર શીર્ષાસન થઈ ગયું છે–સર્વત્ર. બધા પંથોમાં. ધર્મ પાછળ કરોડો ખર્ચાય છે. પરિણામ શૂન્ય ! ભાગ્યે જ શાસ્ત્રોના નિષ્ણાતો જોવા મળે છે. ભાગ્યે જ પંડિતો જોવા મળે છે. ભાગ્યે જ ઘરોમાં શાસ્ત્ર ગાન સાંભળવા મળે છે. ભાગ્યે જ સાથે બેઠા હોય ત્યારે શાસ્ત્રીય વાતો સાંભળવા મળે છે. બૂમ બરાડા પુષ્કળ છે, સત્વ શૂન્ય છે.

ભલે કદાચ સમય બદલી ગયો છે. વ્યસ્તતા વધી છે. તો પણ, ઈચ્છાય તો, ઘરોમાં, આસપાસ, ભકિતમય વાતાવરણ જાળવી શકાય છે. ઘરોમાં તો તે અનિવાર્ય છે. તે જ બાળકોને શિસ્ત, સ્વસ્થતા, સંયમ વગેરેનું આડકતરું શિક્ષણ આપે છે. તે જ વડીલોને વૃધ્ધત્વની તકલીફોમાં રાહત આપે છે. યુવાનોને વૃધ્ધત્વની પૂર્વ તાલીમ આપે છે. વડીલોને આરામના સમયમાં સક્રિય રહેવાની તાલીમ આપે છે. એકી સાથે અનેક બાબતોની તાલીમ મળે છે. સંસ્કૃતિ પ્રેમીઓએ ઝનૂન વધારવા બદલે શાસ્ત્રોનો અભ્યાસ વધે તેવું કરવાની જરુર છે. તેનું વાચન વધે, તેની ચર્ચા થાય તેવા પ્રયાસો કરવાની જરુર છે. ઉત્સવ આવે ત્યારે ધમાલ કરવા બદલે મૌનથી સાધના કરવાની જરુર છે. સાચો ધર્મ આ છે–સાધના. ઘરમાં, મંદિરમાં, કોઈ ખૂણામાં, યાત્રા ધામમાં–પણ સાધના. ધાંધલ ધમાલ, દાદાગીરીથી સસ્કૃતિ ન જળવાય. સંસ્કૃતિ તો ઋષિઓ વધારી જળવાય. જેટલા ઋષિઓ વધે, સાધકો વધે તેટલી સંસ્કૃતિ વિકસે. અત્યારે જે થાય છે તે શીર્ષાસન છે. સંસ્કૃતિના નામે તેને જ હાનિ પહોંચાડાય છે. આ બાબતે સખત વિચારવાની જરુર છે.

ઉદાસીનતાથી તારિખીયાંનું પાનું કચરા પેટીમાં ધીરેથી મૂકયું.

**( કચ્છમિત્ર : તા : ૧૬–૯–૨૦૧૮ : રવિવાર)**

❑❑❑

ગયા રવિવારે જે લેખ મોકલેલ તેના બદલે ભગવતીકુમારવાળો આવ્યો. એટલે તે મોકલાવ્યો. હવે આવતા રવિવારનો આ લેખ મોકલાવેલ છે.